પરિશિષ્ટ – ૩.
બા.૪ – ૩.
ઇસી તા.- ૧૦-૧૨-૨૦૧૬.

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા ગુરૂવાર, તા.૦૯/૧૨/૨૦૧૬નાં રોજ સવારે ૮-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક સભ્યનું નામ | તા.૦૯/૧૨/૨૦૧૬ |
|---|---|
| ૧. ડો. એમ. એન. પટેલ, કુલપતિ | હાજર |
| ૨. ડો. પી. પી. પ્રજાપતિ | હાજર |
| ૩. પ્રિ. સૌરભ સી. ચોકસી | હાજર |
| ૪. પ્રો. આર. એસ. પટેલ | હાજર |
| ૫. ડો. મહેશભાઇ બી. પટેલ | ગેરહાજર |
| ૬. ડો. રૂષિકેશ વી. મહેતા | હાજર |
| ૭. ડો. એચ. એ. પંડયા | હાજર |
| ૮. ડો. બી. વી. પટેલ | હાજર |
| ૯. ડો. કે. એચ. ચીખલીયા | હાજર |
| ૧૦.ડો. પી. એન. ગજ્જર | હાજર |
| ૧૧.શ્રી મહેશભાઇ કસવાલા | હાજર |
| ૧૨.ડો. દિગ્વિજયસિંહ ગોહિલ | હાજર |
| ૧૩.ડો. મયુરીબેન પંડયા | હાજર |
| ૧૪.ડો. કેતન દેસાઇ | ગેરહાજર |
| ૧૫.ડો. પી. આર. પટેલ | ગેરહાજર |
| ૧૬.ડો. એચ. સી. સરદાર | હાજર |
| ૧૭.ડો. કિર્તીદા શાહ | હાજર |
| ૧૮.ડો. રંજનાબેન અરગડે | હાજર |
| ૧૯.ડો. કમલેશ ચોકસી | હાજર |
| ૨૦.ડો. વિકેશ પંડયા | ગેરહાજર |
| ૨૧.ડો. મુકેશ ખટીક | હાજર |
| ૨૨.ડો. એ. કે. દેસાઇ | હાજર |
| ૨૩.ડો. મહિપતસિંહ ચાવડા | હાજર |
| ૨૪.ડો. અર્ચના માંકડ | હાજર |

| | |
|---|---|
| ૨૫.ડો. મીનુ શરાફ | હાજર |
| ૨૬.ડો. એન. કે. જૈન | હાજર |
| ૨૭.ડો. દર્શના ત્રિવેદી | હાજર |
| ૨૮.ડો. આર. ટી. સાવલીયા | હાજર |
| ૨૯.શ્રી પંકજભાઇ શુકલા | ગેરહાજર |
| ૩૦.ડો. પંકજભાઇ ઠાકર | હાજર |
| ૩૧.ડો. ધરમસિંહ દેસાઇ | હાજર |

બા. ક્ર. ૧ તા.૧૩-૧૦-૨૦૧૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ/મીનીટસ મંજુર કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૩-૧૦-૨૦૧૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.**

બા. ક્ર. ૨. કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો જાણ સારું.

૨ : (૧) : બી.એડ.અભ્યાસક્રમ સેમેસ્ટર-૩માં માળખામાં Viva + Presentation ની પરીક્ષાના સંદર્ભમાં શિક્ષણ વિદ્યાશાખામાં પરીક્ષા સમિતિનો ઠરાવ મંજુર કર્યાનું.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત કાર્યની નોંધ લઇ મંજુર કરવાનું રાખવું અને તદ્‌નુસાર એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.**

૨ : (૨) : વિદ્યાર્થીએ S.Y.B.Com.માં XOO હોવાથી પરીક્ષામાં બેઠેલ નથી, ખરેખર AOO હોવું જોઈએ, આથી માર્કશીટ સુધારતા વિદ્યાર્થીને એડ.સ્ટેટેસ્ટિકસ વિષયમાં ATKT રહેશે. સામાન્ય સંજોગોમાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ઠરાવ મુજબ વિદ્યાર્થીએ સેમેસ્ટરના તમામ વિષયોની (એટલે કે સેમેસ્ટર ૩ અને ૪) પરીક્ષા ફરીથી આપવી પડે. ખાસ સંજોગોમાં માત્ર એડ. સ્ટેટેસ્ટિકસની પરીક્ષા લઇ પરિણામ જાહેર કરવા અંગે ડીનશ્રીએ અભિપ્રાય આપેલ હોય સદરહુ બાબતે વિચારણા કરવા અંગે.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કેસમાં ડીનશ્રીએ આપેલ અભિપ્રાય મુજબ અમલ કરવાનું રાખવું.**

૨ : (૩) : ડો. કાર્તિક એમ. ભટ્ટ, એસોસિયેટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગની તા.૦૪-૦૮-૨૦૧૬ની અરજીના અનુસંધાને તેમને નં.એસીસી-૧/કા.ભ.ડી.મો./૨૦૧૫/૨૫૨૬૯ તા.૧૨-૦૫-

૨૦૧૫થી CAS હેઠળ અપાયેલ પ્રોફેસર તરીકેનું પ્રમોશન યુ.જી.સી.ના પત્ર D.O.No.F 3-૯૯/૨૦૦૯ (PS)તા.૧૫-૧૦-૨૦૧૫ના સંદર્ભથી પાછું ખેંચેલ છે. જે અંગે પુનઃવિચાર કરી તેઓને પ્રોફેસર તરીકે મળવાપાત્ર થતી બઢતી આપવા અંગે ચર્ચા–વિચારણા કરવા અર્થે રજૂ.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS ) હેઠળ આપવાના થતા પ્રમોશન માટે હવે પછી હાથ ધરાનાર કાર્યવાહી દરમ્યાન અર્થશાસ્ત્ર વિષયના એસોસીએટ પ્રોફેસર ડો. કાર્તિક એમ. ભટ્ટની અરજી મળેથી તેઓને પ્રોફેસર તરીકે મળવાપાત્ર બઢતી આપવા અંગે પ્રવર્તમાન નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવાનું રાખવું.**

૨ : (૪) : ડો. વર્ષા ગગનવિહારી જાનીની તા.૦૮-૧૧-૨૦૧૬ની આવેલ રજૂઆત, તકેદારી આયોગનો અહેવાલ, સરકારશ્રીનો અહેવાલ અને ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટસના તા.૧૬-૧૧-૨૦૧૬ના પત્રની વિગતો ધ્યાને લઇ એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, નવરંગપુરા, અમદાવાદના ડો.જે.બી.શાહની નિમણુક રદ્દ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે એલ.ડી. ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, નવરંગપૂરા, અમદાવાદના ડો.જે.બી.શાહની નિમણુંક રદ કરવા અંગેની બાબત ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતી ન હોઇ, નિમણુંક રદ કરવા અંગેની કોઇ કાર્યવાહી હાથ ધરવાનું રાખવું નહીં.**

બા. ક. ૩. તા.૧૪-૧૦-૨૦૧૬ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની મિટિંગના બા.ક.૧૦માં સર્વાનુમતે થયેલ ઠરાવ મુજબ :

૩ : (૧) : શ્રી દર્શનસિંહ સોલંકી, યુનિવર્સીટી એન્જીનીયર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ ગેરરીતિઓ તથા તેમની સામે લીધેલ પગલાની જાણ સભ્યોને કરવી. શ્રી દર્શનસિંહ સોલંકીની સામે શિસ્તના પગલા તથા ખાતાકીય તપાસ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એન્જીનીયરશ્રી દર્શન સોલંકીના કેસમાં તા.૧૪/૧૦/૨૦૧૬નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલમાં થયેલ નીચેના ઠરાવની નોંધ લઇને અનુમોદન આપવાનું રાખવું.**

**"મેથેમટીકસ અને સ્ટેટેસ્ટીકસ વિભાગના બાંધકામ તેમજ યુનિવર્સિટીના ઇલેકટ્રીકલ કામોમાં Lowest-1 tender મંજુર થયેલ કંપનીઓ પાસેથી સમયસર બેન્ક ગેરંટી ન લેવા અંગે, ટેન્ડરની અન્ય શરતોનો ભંગ કરવા, યુનિવર્સિટીને આર્થિક નુકસાન પહોંચાડવા તેમજ યુનિવર્સિટીના ઉપલા અધિકારીઓને ગેરમાર્ગે દોરી ફરજ પ્રત્યે બેદરકારી કરવાના સંદર્ભમાં સભા સમક્ષ રજૂ થયેલ બાબતો અંગે પુરાવાઓને**

ધ્યાનમાં લઇને આ સમગ્ર બાબતે જવાબદાર એવા યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં યુનિવર્સિટી એન્જીનીયર તરીકે ફરજ બજાવતા શ્રી દર્શનસિંહ સોલંકીની સામે યુનિવર્સિટી અધિકારીઓ સાથે ગેરશિસ્ત, ટેન્ડરની શરતોનો ભંગ, નાણાંકીય ગેરરીતિ, યુનિવર્સિટીને આર્થિક નુકસાન પહોંચાડવા, યુનિવર્સિટીના હિત વિરૂધ્ધ તેમજ ફરજ પ્રત્યે બેદરકારી દાખવવી વગેરે બાબતો અંગે ખાતાકીય તપાસ કરવાની હોઇ, તાત્કાલિક અસરથી તેમને ફરજ મોકૂફ કરવાના જરૂરી આદેશો કરવા અને ત્યારબાદ એસ્ટેટ વિભાગના તેમની કેબીન અને ઓફિસને સીલ કરવી. સદરહુ બાબતે શ્રી દર્શનસિંહ સોલંકી સામે યુનિવર્સિટીના શિસ્ત વિગેરેના પ્રવર્તમાન નિયમો પ્રમાણે જરૂરી ખાતાકીય અને કાયદાકીય કાર્યવાહી કરવી, સાથે સાથે આ અંગે સ્વતંત્ર અને યોગ્ય ખાતાકીય તપાસ કરવા નિવૃત્ત હાઇકોર્ટ જજની નિમણુંક કરવી. વધુમાં આ અંગે કરવાની થતી આનુષંગિક તમામ ખાતાકીય તેમજ કાયદાકીય કાર્યવાહી કરવા માટેની સત્તા માન. કુલપતિશ્રીને આપવામાં આવે છે".

૩: (૨) : જો એકેડેમિક કાઉન્સિલ શ્રી દર્શનસિંહ સોલંકી, યુનિવર્સીટી એન્જીનીયર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ સામે ખાતાકીય તપાસ શરુ કરવાનો નિર્ણય કરે તો તે અંગે ગુજરાત યુનિવર્સીટી અધિનિયમ હેઠળ એક્ઝીક્યુટીવ કાઉન્સિલને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ એન્જીનીયર શ્રી દર્શનસિંહ સોલંકી સામે હાથ ધરવામાં આવેલ પ્રાથમિક તપાસ દરમ્યાન તેઓશ્રીની સીલ કરવામાં આવેલ ઓફિસમાંથી પંચોની હાજરીમાં ખોલતા, મળેલ ફાઇલો, દસ્તાવેજો તથા અન્ય મટીરીયલ્સ તેમજ કોમ્પ્યુટરમાંથી મળેલ વાંધાજનક બિભત્સ કલીપીંગ્સ અને અન્ય સાહિત્ય વગેરેની વધુ ચકાસણી નિષ્ણાંત પાસે કરાવવાનું રાખવું અને તે બદલ શિસ્તભંગના પગલાં અને ખાતાકીય તપાસ હાથ ધરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.**

બા.ક. ૪. ભારત સરકારના ગેઝેટ ક્રમાંક F.1 -100/2016 (MOOCs/e-content) ન્યુ દિલ્હી, બુધવાર, જુલાઈ,૨૦, ૨૦૧૬/અષાઢ, ૨૯, ૧૯૩૮ માં જણાવ્યા મુજબ ઓન લાઈન લર્નિંગ કોર્સીસ પરત્વે વિજાણું માધ્યમથી વિદ્યાર્થીઓને ક્રેડીટ ઉપલબ્ધ થાય છે, જે અંગે ગુજરાત યુનિવર્સીટી ખાતે (MOOC) મુકનો અમલ કરાવવા વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારશ્રીના ઉપરોક્ત ગેઝેટમાં જણાવ્યા મુજબ વિધ્યાર્થીઓને ક્રેડીટ ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત યુનિવર્સિટી ખાતે (MOOC) મુકનો અમલ કરવાની બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવાનું રાખવું.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજુ કરવામાં આવી અને તે પરત્વે સર્વાનુમતે ઠરાવો કરવામાં આવ્યા :

(૫) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના કેટલાંક કર્મચારીઓ વિદેશમાં રહે છે અને લાંબા સમયથી યુનિવર્સિટીમાં ફરજ બજાવતા નથી તે તમામ કર્મચારીઓની હવેથી **Leave Without Pay (LWP)** કરવાનું રાખવું તેમજ કાનુની સલાહ મુજબ **dismissal Notice** આપી સત્વરે આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

(૬) ગુજરાત યુનિવર્સિટી સેનેટ પર વિધ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી અને બોર્ડ ફોર સ્ટુડન્ટસ વેલ્ફેરના સભ્યશ્રીઓની સ્થગિત કરવામાં આવેલ ચૂંટણીની કામગીરી માટે સક્ષમ અધિકારીની નિમણુંક કરવા માટે રાજય સરકારશ્રીને રજુઆત કરવાનું રાખવું અને ચૂંટણીની આ સમગ્ર કામગીરી યુનિવર્સિટી કેમ્પસ બહાર કરાવવાનું ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

(પ્રો. એચ. એ. પંડયા)
કુલસચિવ(ઇન્ચાર્જ)

નં.એકેડેમિક/21154/૨૦૧૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ
તા.06-૧૨-૨૦૧૬

EC ઠરાવ: - ૧૦-૧૨-૨૦૧૬ પરિશિષ્ટ-૪.

# રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ

૧૦૪, ચુંવાળનગર, વિભાગ-૨, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ-૧૬

પ્રતિ

માનનીય કુલપતિશ્રી

ડૉ. એમ. એન. પટેલ

ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદ.

V. C. OFFICE
Inward No. 607
Date 05/11/2016

EC માં મૂકો

**વિષય :** **નવનિર્મીત લો ભવન ના નામાકરણ તથા ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ના નિર્માણ બાબતે.**

જયભીમ સાથે જણાવવાનું કે ગુજરાતની સૌથી મોટી તથા સૌથી વધુ પ્રતિષ્ઠા ધરાવતી યુનીર્વસીટી જેનુ સીંચન સરદાર વલ્લભભાઈ પટેલ, પ્રાણશંકર ધ્રુવ તથા નગર શ્રીઓએ કરેલ છે. ૧૯૪૯ થી લઈને આજસુધીમાં વિવિધ મહાનુભવો આ જ્ઞાન ગંગાનો ઉપયોગ કરી પોતાના વ્યક્તિત્વને વૈશ્વિક ફલક પહોંચાડેલ છે. વિક્રમ સારાભાઈ, કનૈયાલાલ મુન્શી જેવા ગુજરાતના સપુતોએ આ યુનિર્વસીટીના વિકાસમાં ઘણુ યોગદાન આપેલ છે. હાલમાં આપના કાર્યકાળમાં ગુજરાત યુનિર્વસીટી ૧૦ થી વધુ ભવનોનું નિર્માણ કરેલ છે. તથા હજુ ૮ થી વધુ ભવનોનું નિર્માણ કરવાના છે. જે ખુબજ પ્રંશસનીય કાર્ય છે. આ ભગીરથ કાર્ય દ્વારા આપશ્રી વિદ્યાર્થીઓ માટે કેટલા ચિંતિત તથા વધુને વધુ ઉત્સાહીત છો તે જણાય છે. તમામ ભવનો ને કોઈને કોઈ મહાનુભવોના નામ સાથે સાંકળીને વારસાને જાળવવાનો આપનો પ્રયાસ પ્રંશસનીય છે. હાલમાં આપશ્રી દ્વારા સાયન્સ ભવનનું નામ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ વીજ્ઞાન ભવન તથા કન્વેન્શન સેન્ટરનું નામ પુજનીય પ્રમુખ સ્વામી મહારાજ આપવાનો જે નિર્ણય લેવામાં આવેલ છે તેને સમગ્ર દલીત સમાજ આવકારે છે.

સમગ્ર દલીત સમાજ માટે ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર એક મસીહા છે. ભારતના બંધારણના નિર્માણમાં તથા કાયદાઓના ગ્રંથ તથા પુસ્તકોમાં ડૉ. આંબેડકરનું યોગદાન નિર્વિવાદ છે. તથા પ્રથમ કાયદા મંત્રી તરીકે તેમણે ભારતના આઝાદી પછીના વિકટ સમયમાં પોતાનું અપ્રતિમ યોગદાન આપેલ છે. સમગ્ર દલીત સમાજ તથા દલીત યુવા વિદ્યાર્થીઓની લાગણી ગુજરાત યુનિર્વસીટી સાથે ડૉ. ભીમરાવ આંબેડકરનું નામ સંકળાય તેમ છે. આપશ્રી દ્વારા હાલમાં વિદ્યાર્થીઓ માટે લો ભવનનું નિર્માણ થવાનું છે. તો આ લો ભવનનું નામ "ભારત રત્ન ડૉ. બાબસાહેબ આંબેડકર લો ભવન" આપવામાં આવે તેવી સમગ્ર સમાજની લાગણી છે. વધુમાં આપશ્રી દ્વારા સ્વામી વિવેકાનંદ ના

પુતળાનું નિર્માણ તથા તેની આસપાસના વિસ્તારના ડેવલપમેન્ટનું નિર્ણય પણ આવકારીએ છીએ. સમગ્ર સમાજની લાગણી ડૉ. ભીમરાવ ના પુર્ણ કદના પુતળાની સ્થાપના થાય તે છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં લઈ યુનિર્વસીટીના નીતિ નિયમ મુજબ તાત્કાલીક બાંધકામ સમીતી તથા એક્ઝીક્યુટીવ કાઉન્સીલ (સીંડીકેટ) ની બેઠક બોલાવી ઠરાવ કરાવવા યોગ્ય પગલા દિવસ સાત (તા. ૧૫-૧૧-૨૦૧૬) સુધીમાં લેવા સમગ્ર સમાજ આપને વિનંતી કરે છે. સમય મર્યાદામાં ઉપરોક્ત પગલા નહી લેવામાં આવે તો બંધારણીય હક તથા અહીંસક માર્ગે ઉગ્ર તથા આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ફરજ પડશે.

ઉપરોક્ત લાગણી આપશ્રી મારફતે બાંધકામ સમીતી તથા એક્ઝીક્યુટીવ કાઉન્સીલ (સીંડીકેટ) ની બેઠક માં ઠરાવ સ્વરૂપે લઈ તેના માટે જરૂરી કાર્યવાહી કરી, ફંડ ફાળવી, આનુસંગીક કાર્યવાહી એટલે કે ટેન્ડર તથા ડીઝાઈન નો નિર્ણય તા. ૧૫-૧૧-૨૦૧૬ સુધીમાં લેખીત સ્વરૂપે અમોને તથા સમગ્ર સમાજને પુરો પાડવા વિનંતી.

આભાર સહ

તા. ૮-૧૧-૨૦૧૬

..............................

સુબોધ પરમાર

રાષ્ટ્રીય દલીત અધિકાર મંચ

..............................

પ્રતિક રૂપાલા

રાષ્ટ્રીય દલીત અધિકાર મંચ

નકલ રવાના :

(૧) રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય

(૨) કુલ સચિવશ્રી, ગુજરાત યુનિર્વસીટી

(૩) વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય

(૪) નિતિનભાઈ પટેલ, ઉપમુખ્યમંત્રી શ્રી ગુજરાત રાજ્ય

(૫) ભુપેન્દ્રસિંહ ચુંડાસમા, શિક્ષણમંત્રીશ્રી ગુજરાત રાજ્ય

(૬) બાંધકામ સમિતીના તમામ સભ્યો, ગુજરાત યુનિર્વસીટી

(૭) એક્ઝીક્યુટીવ સમિતીના તમામ સભ્યો, ગુજરાત યુનિર્વસીટી

(૮) સેનેટ સભ્યો, ગુજરાત યુનિર્વસીટી

પરિશિષ્ટ-૫ બા. ૪.૫

EC ના - 10-12-2016

# સરદાર કલ્પરથ

રજી નં. એફ / ૧૬૪૭૦, અમદાવાદ

સરદાર કલ્પિત ભારત નિર્માણનો પ્રયાસ

પહેલો માળ, એપોલો લોટસ, જેટકીંગ કોમ્પ્યુટર સામે, આઈ.સી.આઈ.સી.આઈ બેંકના ખાંચામાં, પોપ્યુલર હાઉસની પાછળ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
અમદાવાદ (પશ્ચિમ) ફોન : ૯૯૨૫૬ ૨૦૩૧૦, ૯૮૨૫૨ ૩૪૦૩૪ (પૂર્વ) : ૯૯૭૮૫ ૪૦૮૦૧, ૯૯૦૯૦ ૩૦૫૨૩

તા. ૧૭-૧૧-૨૦૧૬, ગુરુવાર

પ્રતિ,

માનનીય કુલપતિશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ, ગુજરાત.

**વિષય :- ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા મુકવા તથા નામાભિધાન કરવા બાબત.**

માનનીયશ્રી,

જયભારત સાથે ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના આદરણીય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ("લોખંડી પુરુષ") કરેલ અને સમગ્ર વિશ્વમાં સરદાર વલ્લભભાઈ પટેલ એક અજોડ વ્યક્તિત્વ છે અને સ્વતંત્ર ભારત બને તે માટે પણ અમૂલ્ય યોગદાન આપેલ છે. આથી સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં તેમની પુરા કદની ભવ્ય પ્રતિમા મુકવા તથા નામાભિધાન કરવા સમગ્ર ગુજરાત રાજયના પટેલોની માંગણી છે. આપશ્રી આ બાબતે ઘટતી કાર્યવાહી કરશો તેવી અપેક્ષા રાખીએ છીએ. આપશ્રીના સહકારની અપેક્ષા સહ.

Academic EC

આપનો વિશ્વાસુ

ઠરાવ - ૧૦-૧૨-૨૦૧૬
પરિશિષ્ટ - 6

# ગુજરાત ક્ષત્રિય સભા

(ટ્રસ્ટ રજી. નં. એ/૩૫૯૮ અમદાવાદ)

**Affiliation with Akhil Bharatiya Kshytriy Mahasabha**

(Reg. No. 46966)

**કરણસિંહ એમ. ચાવડા**
પ્રદેશ પ્રમુખ
મો. ૯૯૨૪૧ ૩૨૩૩૭

**પ્રવિણસિંહ ચૌહાણ**
પ્રમુખ (અમદાવાદ જીલ્લા)
મો. ૯૮૨૫૧ ૧૨૪૯૫

તારીખ :

રેફ. નં. :

પ્રતિ,

તા : ૧૬-૧૧-૨૦૧૬

માનનીય કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ, ગુજરાત.

વિષય : ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં શ્રી કર્ણદેવ વાઘેલાની પ્રતિમા મુકવા તથા નામાભિધાન કરવા બાબત.

માનનીયશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે ઇતિહાસમાં જણાવ્યા મુજબ ૧૧મી સદીમાં પાટણના રાજવી શ્રી કર્ણદેવ વાઘેલાએ ભીલોના રાજા શ્રી આશાપાલ ( આશાવલ) ને યુદ્ધમાં હરાવી સાબરમતી ના કિનારે " કર્ણાવતી" નગરની સ્થાપના કરી હતી. જે હાલ " અમદાવાદ " તરીકે ઓળખાય છે. નગરના સ્થાપક રાજવી ની સ્મૃતિમાં ગુજરાત યુનિવર્સિટીનું " મહારાજા શ્રી કર્ણદેવ વાઘેલા ગુજરાત યુનિવર્સિટી " એવું નામાભિધાન કરવા તથા રાજવીની પુરા કદની પ્રતિમા ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં મુકવાની અમદાવાદના નગરજનો તથા ગુજરાતના ક્ષત્રિયોની માંગણી છે. આપશ્રી આ બાબતે ઘટતી કાર્યવાહી કરશો તેવી અપેક્ષા રાખીએ છીએ.

આપશ્રીના સહકારની અપેક્ષા સહ ---------------

VC શ્રી
16-11-16

EC

લી.
આપનો વિશ્વાસુ
પ્રમુખ
ગુજરાત ક્ષત્રિય સભા
(અમદાવાદ જિલ્લો)

દરખાસ્ત - ૧૦-12-2016.
પરિશિષ્ટ - 8.

ગુજરાત યુનિવર્સિટી | એકેડેમિક વિભાગ | કાર્યાલયની નોંધ

તા.૨૧-૧૧-૨૦૧૬

માન.સાહેબશ્રી,

આ સાથે એલ.ડી.આર્ટ્સ કોલેજ, અમદાવાદની સ્થળાંતર અંગેની અરજી અન્વયે અત્રેથી નિમેલ એલ.આઈ.સી. સમિતિનો રીપોર્ટ તથા આનુશાંગિક બિડાણ સામેલ છે.

એલ.ડી.આર્ટ્સ કોલેજ, અમદાવાદની સ્થળાંતર અંગેની અરજી અન્વયે અત્રેથી આદેશાનુસાર એલ.આઈ.સી.માં (૧) શ્રી રવિ દેસાઈ (૨) ડો. દિગ્વીજયસિંહ ગોહિલ (૩) ડો. ધરમસિંહ દેસાઈ અને (૪) પ્રિ.ડો. ગીતાબેન મહેતાની નિમણૂક કરેલ.

આ સાથે એલ.આઈ.સી. રીપોર્ટ અને રીપોર્ટ સાથેના આનુંશાગિક બિડાણો તેમજ નિયામકશ્રી, અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનો તા.૦૧-૦૯-૨૦૧૬નો પત્ર સામેલ છે જે ધ્યાને લઈ એલ.ડી.આર્ટ્સ કોલેજ અમદાવાદની સ્થળાંતર અંગેની અરજી અન્વયે આદેશાર્થે

સવિનય રજૂ.

[signature] 21-11-16

એસ.ઓ.શ્રી- [signature]

એ.આર.શ્રી [signature] 25/11

21/11/2016

ગુજ.યુનિ તા.૨૪.૬.૨૦૧૬ ના પત્ર ક્રમાંક અકેડેમિક /૮૧૩/૨૦૧૬ મુજબ તા.૩૦ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ એલ.ડી.આર્ટસ કોલેજની મુલાકાત નીચે સહી કરનાર સભ્યોએ લીધી હતી. સંસ્થા વતી આચાર્યશ્રીએ હાજર રહી નીચેની માહિતી પૂરી પાડી હતી.

(૧) એલ.ડી.આર્ટસ કોલેજના સ્થળાંતર બાબતે પ્રિન્સિપાલશ્રીએ મેનેજમેન્ટની લાગણી સાથે જયાં સ્થળાંતર કરવાનું છે તે બિલ્ડીંગની વાત કરી હતી. આ સાથે સ્થળાંતર કરવાનુ છે તે બિલ્ડીંગનો વિગતે ખ્યાલ આપેલ છે.

(૨) શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.આ સાથે તેઓની સહી સાથેનો પત્ર સામેલ છે.(પરિશિષ્ટ-૧) તમામ વહીવટી કર્મચારીઓ સ્થળાંતર સાથે સંમત હતા.શૈક્ષણિક સ્ટાફ નું મતદાન કરાવતા બહુમતી સભ્યો સ્થળાંતર સાથે સંમત જણાયા ન હતા. જો કે આચાર્યશ્રીએ બહુમતી સભ્યોની સહી સાથેનો પત્ર રજુ કરેલ જે પરિશિષ્ટ-૧માં સામેલ છે. શૈક્ષણિક સ્ટાફમાથી કોઇએ લેખીત વાંધો રજુ કરેલ નથી.

(૩) વિધાર્થીઓનો પણ શરૂઆતમાં સ્થળાંતર અંગે વિરોધ હતો. પરંતુ તા.૧૬.૧૧.૨૦૧૬ ના રોજ શૈક્ષણિક સ્ટાફના પ્રતિનિધિઓ અને વિધાર્થી પ્રતિનિધિઓ સાથે ફરીથી મુલાકાત કરી હતી.મેનેજમેન્ટની વિનંતી તેમજ શિક્ષણના વ્યાપક હીતને ધ્યાનમા લઇ વિધાર્થી આગેવાનો અને અધ્યાપક પ્રતિનિધિઓ આગામી શૈક્ષણિક વર્ષ થી (જુન-૨૦૧૭) સ્થળાંતર અંગે સંમત થયા હતા.મેનેજમેન્ટ તરફથી હાજર રહેલ શ્રી બી.એમ.શાહ,ડાયરેક્ટર અમદાવાદ એજ્યુકેશન સોસાયટી અને આચાર્યશ્રી ડૉ. મહિપતસિંહ ચાવડાએ વિધાર્થીઓના લાભમાં નવા કોર્ષ શરૂ કરવાની, રમતગમતની સુવિધા વધારવાની, કલાસરૂમમાં જરૂરિયાત પ્રમાણે ફેરફારો કરવાની વિધાર્થીઓની માંગણી પૂરી કરવાની બાંહેધરી આપી હતી. કોલેજમાં હાલમા ચાલતા વિષયો પૈકી એકપણ વિષય બંધ ન કરવાની અને જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી. ના વર્ગો વિધાર્થીઓ માટે શરૂ કરવાની બાંહેધરી આપી છે જે આ સાથે સામેલ છે. (પરિશિષ્ટ-૩)

(૪) તમામ સભ્યોએ નવા બિલ્ડીંગની રૂબરૂ મુલાકાત કરી છે જેમાં કોલેજમાં જરૂરી એવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે.જુન-૨૦૧૭ સુધીમા આર્ટસ કોલેજને અનુરૂપ સુધારા કરી નાખવાના રહેશે. આ સાથે નકશો,રૂમની સાઇઝ વિગતે સામેલ છે. (પરિશિષ્ટ-૨)

ઉપર્યુકત સંજોગોમાં અમો નીચે સહી કરનાર તમામ સભ્યો એલ.ડી.આર્ટસ કોલેજને આગામી શૈક્ષણિક વર્ષથી નવી બિલ્ડીગમાં સ્થળાંતર કરવાની ભલામણ કરીએ છીએ.

સહી.

(૧) શ્રી રવિ દેસાઇ
(૨) ડૉ. દિગ્વીજયસિંહ ગોહિલ
(૩) ડૉ. ધરમસિંગ દેસાઇ
(૪) પ્રિ.ડૉ. ગીતાબેન મહેતા